નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

# અરુણોદય

આવૃત્તિ : ૨

જૂન-૨૦૨૩



**પ્રેરક**
ડૉ. સુજય મહેતા – ચેરમેન
શ્રી વિપુલભાઈ સેવક – વાઈસ ચેરમેન

**માર્ગદર્શક-તંત્રી**
ડૉ. એલ. ડી. દેસાઈ – શાસનાધિકારી

**સહ-તંત્રી**
શ્રી દિપ્તિ પંડ્યા – સંચાલક

**સંપાદક**
ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી – ના.શાસનાધિકારી
શ્રી પરિમલભાઈ પટેલ – ના.શાસનાધિકારી

સંકલન : અધ્યાપક ગણ નૂતન તાલીમ વિભાગ ● પ્રકાશક : નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

## પર્યાવરણ વિશેષાંક

### પાથેય

**"નિર્માણો કે પાવન યુગ મેં, હમ ચરિત્ર નિર્માણ ન ભૂલે,**
**સ્વાર્થ સાધના કી આંધી મેં, વસુધા કા કલ્યાણ ન ભૂલે."**

આત્મીય શિક્ષક મિત્રો તથા વ્હાલા વિદ્યાર્થીઓ, આપ સૌએ ઉનાળાના વેકેશનની ખૂબ મજા માણી હશે, ઉનાળાની ગરમીનો અનુભવ કર્યો હશે જ. શું અત્યારે લાગે છે તેટલી ગરમી પહેલાં લાગતી હતી? તો આપણા ઘરના વડીલને પૂછશો તો જવાબ મળશે કે આ ગરમી હમણાં થોડાક વર્ષોથી જ વધી છે. કેમ? આ પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. આમ તો આપણે સૌ જાણીએ પણ છીએ પરંતુ ક્યાંક ઉપરોક્ત પંક્તિ મુજબ આધુનિક યુગની દોડમાં 'હું અને મારું' નો સ્વાર્થ થકી સ્વકેન્દ્રિત વૃત્તિ જે જનસામાન્યના મનમાં નિર્માણ થઈ છે તેના પરિણામે આજનો માનવી માત્ર ટૂંકું અને આજનું વિચારે છે, જેથી આવનારી પેઢી માટે ન વિચારતાં આજને ભવ્ય બનાવવા સમગ્ર પ્રકૃતિનું દોહન કરી ભોગવાદ તરફ વળ્યો છે, જે આજે આપણે આ ગરમીના પારાના ઉચ્ચાંકને અનુભવી સમજી શકીએ છીએ. આ વસુધા (પૃથ્વી) ના સંરક્ષણ કરવાની નૈતિક જવાબદારી આપણા સૌની બની રહે છે.

યોગાનુયોગ આ વર્ષે શૈક્ષણિક પ્રથમ સત્રનો પ્રારંભ ૫ જૂન પર્યાવરણ દિવસથી થયો છે, ત્યારે આ સ્તરેથી અમારા સૌનો આપને અનુરોધ છે કે આપણા અમદાવાદ મ્યુનિ. સ્કૂલબોર્ડની તમામ શાળાઓના સંકુલ હરિયાળા અને સ્વચ્છ બને તેનો સંકલ્પ કરીએ તથા અન્ન અને પાણીનો બગાડ આપણા પરિસરમાં તો ન જ થાય તેની ખાસ કાળજી રાખીએ.

આજની આપણી સાવધાની આવનારી પેઢી માટે આશીર્વાદરૂપ બની રહેશે. જો આપણે સૌ આમાં ચૂક કરીશું તો આપણી જ પેઢી આપણને ધિક્કારશે.

**ધર્મો રક્ષતિ રક્ષિતઃ - "ધર્મનું રક્ષણ કરો,ધર્મ આપણું રક્ષણ કરશે"**
**પ્રકૃતિ રક્ષતિ રક્ષિતઃ - "પ્રકૃતિનું રક્ષણ કરો,પ્રકૃતિ આપણું રક્ષણ કરશે"**
**ધર્મ અને પ્રકૃતિનું સંરક્ષણ સાચી માનવ સંસ્કૃતિ છે.**

**ભારતમાતા કી જય**
**જય જય ગરવી ગુજરાત**

| | | |
|---|---|---|
| શ્રી વિપુલભાઈ સેવક | ડૉ. એલ. ડી. દેસાઈ | ડૉ. સુજય મહેતા |
| વાઈસ ચેરમેન | શાસનાધિકારી | ચેરમેન |

### તંત્રી સ્થાનેથી

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા "મારું શહેર સ્વચ્છ શહેર" અંતર્ગત આપણું શહેર ચોખ્ખું, હરિયાળું અને રળિયામણું બને, શહેરીજનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુથી વિશ્વ પર્યાવરણ દિન ૫ જૂન થી કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ સુધી એટલે કે ૫ થી ૧૫ જૂન સુધી આ શહેરમાં સ્વચ્છતા માટે સમાજ જાગૃત બની પોતે યોગદાન આપી પ્રત્યેક નાગરિક સ્વચ્છતાનો બ્રાન્ડ એમ્બેસેડર બને તે હેતુથી આ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૪૫૦ શાળાના ૧.૬૬ લાખ વિદ્યાર્થીઓ, ૪૦૦૦ શિક્ષકો અને ૩ લાખ વાલીઓ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના ૩ લાખ વાલીઓ મળી અમદાવાદના તમામ વિસ્તાર આવરી લોકોમાં સ્વચ્છતાનો સંદેશ પહોંચાડી વહીવટી તંત્રને મદદરૂપ થવાના સંનિષ્ઠ પ્રયાસો કરશે તેવી પ્રતિજ્ઞા લીધી.

"મારું શહેર સ્વચ્છ શહેર" ના અભિયાનની ઉજવણીના ભાગરૂપે ટાગોર હોલ ખાતે વકતૃત્વ સ્પર્ધા તેમજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેના વિષયો દરેક શાળામાં સૂકો કચરો, ભીનો કચરો અલગ કરવાની વ્યવસ્થા તથા શેરી-મહોલ્લામાં આ વ્યવસ્થા જળવાય.

અ.મ્યુ.કો રોજનો ૩૮૦૦ મેટ્રિક ટન કચરો એકત્ર કરે છે, સાથે કેટલાય ઘનક્યુસેક પાણી આપે છે. આપણે સૌ આનો ઉપયોગ કરીએ છીએ. આ બાબતો એક સિક્કાની બે બાજુ જેવી છે.આપણે આપણા હક અને ફરજો પ્રત્યે વફાદાર રહેવું જોઈએ. સ્વચ્છતા ત્યાં જ પ્રભુતા.

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી સ્વચ્છતાના આગ્રહી હતા. પોતે સ્વચ્છતા માટે રોજબરોજનાં કામો જાતે કરતા હતા. આપણાં દેશના વડા પ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદીજી પણ સ્વચ્છતા અંગે સમગ્ર રાષ્ટ્ર જાગૃત બને તેવા કાર્યક્રમો હાથ ધર્યા છે, તે ધ્યાને લઈને મોટાં રાજ્યો, મોટાં શહેરો સ્વચ્છ બને તે માટે સંલગ્ન કામો થઈ રહ્યાં છે.

આપણું શહેર દેશનું પ્રથમ હેરિટેજ અને મેગા શહેર છે. અમદાવાદ એ ગુજરાત રાજ્યનું સૌથી મોટું શહેર છે અને ભારતમાં ૭.૪ મિલિયન જેટલી વસ્તી સાથે ભારતનું સાતમું સૌથી મોટું શહેર છે. તે સાબરમતી નદીના કાંઠે આવેલું છે. અમદાવાદ શહેર જિલ્લાનું વહીવટી કેન્દ્ર છે, તેને સુંદર અને સ્વચ્છ રાખવા તંત્ર સાથે નાગરિકો પણ સજાગ બને અને આ અભિયાન માત્ર સમય મર્યાદા પૂરતું અભિયાન ન બની રહેતાં વિદ્યાર્થીઓના દૈનિક વ્યવહારમાં આત્મસાત બને તેવા પ્રયત્ન કરવામાં આવશે. સમયાંતરે, "મારું શહેર, સ્વચ્છ શહેર" વિષયને ધ્યાને લઈને SMC, વાલીઓ, નગરજનો, સહયોગી NGO સાથે મિટીંગ કરી આપણું શહેર, સ્વચ્છ શહેર બની રહે તેવી મંગલકામના.

## આચમન

શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાયોનાં નામ મહાભારતમાં નથી આપ્યાં, પરંતુ પાછળથી કદાચ આદ્યગુરુ શંકરાચાર્યએ અધ્યાયોને નામ આપ્યાં હશે. અમુક ભાષ્યકારોએ શ્રીમદ્ ભગવદ્ ગીતાને ત્રણ ભાગમાં વહેંચી છે, કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ. ગીતાજીના અધ્યાયો અને વિભાગોના પ્રચલિત નામો નીચે મુજબ છે.

| કર્મયોગ | ભક્તિયોગ | જ્ઞાનયોગ |
|---|---|---|
| અર્જુનવિષાદ યોગ | જ્ઞાનવિજ્ઞાન યોગ | ક્ષેત્રક્ષેત્રજ્ઞ યોગ |
| સાંખ્ય યોગ | અક્ષરબ્રહ્મ યોગ | ગુણત્રયવિભાગ યોગ |
| કર્મ યોગ | રાજવિદ્યારાજગૃહ્ય યોગ | પુરુષોત્તમ યોગ |
| જ્ઞાનકર્મસંન્યાસ યોગ | વિભૂતિ યોગ | દેવાસુરસંપદ્વિભાગ યોગ |
| કર્મસંન્યાસ યોગ | વિશ્વરૂપદર્શન યોગ | શ્રદ્ધાત્રયવિભાગ યોગ |
| આત્મસંયમ યોગ | ભક્તિ યોગ | મોક્ષસંન્યાસ યોગ |

ભગવાન શ્રીકૃષ્ણએ યુદ્ધ દરમિયાન ગીતાના ઉપદેશમાં અર્જુનને કહ્યું હતું કે કોઈપણ મનુષ્યની પરિસ્થિતિ ગમે તેટલી ખરાબ હોય, તે હંમેશાં એકસરખી નથી રહેતી, સંજોગો બદલાય છે, તેથી વ્યક્તિએ હિંમત ન હારવી જોઈએ. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે, ઈશ્વર ક્યારેય કોઈ વ્યક્તિ સાથે અન્યાય કરતા નથી. તે તેને ફક્ત તે જ આપે છે જે તે વ્યક્તિ તેને લાયક છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ વિશ્વને આપેલ ઉપદેશ એ વેદ, ઉપનિષદ અને બ્રહ્મસૂત્રનો સાર છે. ગીતા દ્વારા ભગવાન શ્રીકૃષ્ણએ તે બધી બાબતોની ચર્ચા કરી હતી, જેના પર કોઈ પણ વ્યક્તિ કોઈ પણ પ્રકારના ભય વગર પૂરા આત્મવિશ્વાસ સાથે પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે. જો તમે પણ નિર્ભય બન્યા વિના તમારું લક્ષ્ય હાંસલ કરવા માંગતા હો, તો જાણો ભગવાન કૃષ્ણની સફળતાના રહસ્યમય સ્રોત શું છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે જો તમે વારંવાર તમારા લક્ષ્યને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જતા હો, તો તમારી વ્યૂહરચના બદલો, તમારા ધ્યેયને નહીં. વાસના, ક્રોધ અને લોભ- આ ત્રણ વસ્તુઓ સફળતાના દુશ્મનો છે જેને ભગવાન કૃષ્ણએ ગીતામાં આત્મ-વિનાશના ત્રણ દરવાજા કહ્યા છે. આ ત્રણેય યોગ્ય-અયોગ્યમાં મૂંઝવણ પેદા કરે છે. બુદ્ધિને વિચલિત કરે છે. જ્યારે બુદ્ધિ બેચેન હોય છે, ત્યારે તર્ક નાશ પામે છે. જ્યારે દલીલ નાશ પામે છે, ત્યારે તે વ્યક્તિ પડી ભાંગે છે, કાં તો અયોગ્ય તરફ વળી જાય છે. તેથી તમારા લક્ષ્ય તરફ આગળ વધતી વખતે આ ત્રણ બાબતોથી દૂર રહો. જેને ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા આત્મસંયમ કહ્યો છે. કોઈપણ વ્યક્તિ જીવનમાં પોતાનું દરેક લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે, જો તે તેના લક્ષ્ય પર પૂર્ણ શ્રદ્ધા સાથે મહેનત કરે. દરેક વ્યક્તિને તેની પ્રકૃતિ પ્રમાણે વિશ્વાસ હોય છે. આ જ કારણ છે કે ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં માનવોને તેમની શ્રદ્ધાની શક્તિને ઓળખવા માટે આહ્વાન કરે છે.

## બાલવાટિકા - રમત અને રમકડાં આધારિત શિક્ષણ

શિક્ષણ એ સંશોધનનો વિષય છે, તેમાં જિજ્ઞાસા, કુતૂહલવૃત્તિ, વિશ્લેષણ અને સર્જનાત્મક્તાને અગ્રિમતા હોય છે. Play is the highest form of research : આલ્બર્ટ આઈન્સ્ટાઈનના આ શબ્દો બાળકોના શિક્ષણમાં રમતનું કેટલું મહત્ત્વ છે તે જણાવે છે. બાળકોની બાલવાટિકાની ઉંમર મુજબ તેઓ સતત રમતથી વધુ નજીક હોય છે. રમત એ બાળકોના આંતરિક અને બાહ્ય ગુણોના વિકાસ માટે ખૂબજ અસરકારક અધ્યાપન પદ્ધતિ છે. જેના પરિણામે વિદ્યાર્થીઓમાં સામૂહિકતા, નીડરતા, પ્રામાણિકતા અને સર્જનાત્મકતા જેવા અનેક ગુણોનો વિકાસ થાય છે. રમકડાં સાથે મોટે ભાગે બાળકો પોતાના ઘર-શેરીના વાતાવરણમાં અનુભવ મેળવી શીખવાનો- જાણવાનો પ્રયાસ કરતાં હોય છે. બાળકો રમકડાંથી જે-જે બાબતો શીખે કે તેઓને પહેલેથી જ આવડતી હોય તે શીખવાની બાબતો સાથે જોડવાથી વર્ગ શિક્ષણકાર્યને ફાયદો થાય છે. બાળકો પોતાની જાતે જોઈ, સાંભળી, પૂછીને, ઉપલબ્ધ સ્થાનિક સાધન-સામગ્રી, ચીજવસ્તુઓમાંથી કેટલાંક રમકડાં-મોડેલ બનાવતાં હોય છે. આ રમકડાં શીખવાની બાબત સાથે જોડવાથી બાળકોના વિષયવસ્તુને વધુ દૃઢ બનાવી શકાય. અહીં આપણે જે રમકડાં નિર્માણ કરવાની વાત કરીએ છીએ તે શૈક્ષણિક રમકડાં સ્વરૂપે ઓળખવાની ચર્ચા છે. બાળકોની વય, રૂચિ, જૂથ મુજબ રમકડાં નિર્માણ કરવાનું આયોજન હાથ ધરવું જોઈએ.

રમકડાંથી શીખવાની બાબતો સાથે-સાથે સ્નાયુઓનું શિક્ષણ, જ્ઞાનાત્મક સ્તર, સામાજિકતામિતિનો વિકાસ, સ્થાનિક પર્યાવરણ, માનસિક વિકાસ, સાંવેગિક વિકાસ, આત્મવિશ્વાસ, નેતૃત્વ અને સર્જનનું સ્તર પણ વિકસે છે. આપણે જાણીએ છીએ કે બાળકોમાં સાહસવૃત્તિનો વિકાસ પણ રમકડાંથી થતો હોય છે, જેથી બાળકો રમકડાંનાં પાત્રો, સામગ્રી એકત્રીકરણ અને મોડેલ નિર્માણથી વિષયવસ્તુની નજીક આવે છે. બાળકોના પરિચયમાં જે રમકડાં હોય તેને કાળજીપૂર્વક શીખવાના વિષય અને વિષયવસ્તુ સાથે જોડવાથી શીખવાનું સરળ અને આનંદદાયી બને છે. સાક્ષરી અને મનોવિકાસનું ચેતાતંત્ર વધુ સુદૃઢ બનાવવામાં રમત અને રમકડાં ખૂબ મોટી ભૂમિકા ભજવે છે.

ટૂંકમાં, Toy intigration (રમકડાંના જોડાણ) દ્વારા થતા શિક્ષણથી નીચે મુજબના ફાયદાઓ પ્રાપ્ત થાય છે :

- બાળકોના જ્ઞાનના સ્તરમાં વધારો થાય છે.
- બાળકોની સામાજિકતા વધે છે.
- બાળકોમાં વર્તન ફેરફાર થાય છે.
- બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ વિક્સે છે.



● **૫ શાળાઓનું ઈ - લોકાર્પણ :**



કેન્દ્રીય ગૃહપ્રધાન અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ્ હસ્તે અમદાવાદ મહાનગરના ૧૫૪ કરોડના વિકાસકાર્યોમાં ૭.૩૮ કરોડના ખર્ચે ચાંદખેડા અનુપમ સ્માર્ટ શાળા, મોટેરા અનુપમ સ્માર્ટ શાળા, હેબતપુર અનુપમ સ્માર્ટ શાળા, નવા વણજર અનુપમ સ્માર્ટ શાળા, સોલા અનુપમ સ્માર્ટ શાળા, આ પાંચ અનુપમ સ્માર્ટ શાળાઓનું ઈ – લોકાર્પણ ૧૦/૦૩/૨૦૨૩ના દિવસે કરવામાં આવ્યું. આ સાથે સ્કૂલબોર્ડના કાર્યને વખાણતાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે અભિનંદન પાઠવ્યા હતા.



● **સ્કૂલ બોર્ડ રામોલ-હાથીજણ અનુપમ શાળાનું લોકાર્પણ :**



સંસદસભ્યશ્રી હસમુખભાઈ પટેલની ૧.૭૫ કરોડની ગ્રાન્ટમાંથી તૈયાર થયેલ રામોલ-હાથીજણ સ્માર્ટ અનુપમ શાળાનું તા. ૧૧-૦૩-૨૦૨૩ એ લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે માનનીય મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સંસદસભ્યશ્રી હસમુખભાઈ પટેલ, વટવાના ધારાસભ્યશ્રી બાબુભાઈ જાદવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી હિતેશભાઈ બારોટ, શાસકપક્ષના નેતાશ્રી ભાસ્કરભાઈ ભટ્ટ, પૂર્વ ગૃહમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા, માનનીય દંડકશ્રી અરુણસિંહ રાજપૂત, માનનીય ચેરમેનશ્રી એ. એમ.ટી.એસ વલ્લભભાઈ પટેલ, સ્કૂલ બોર્ડ ચેરમેનશ્રી ડૉ. સુજયભાઈ મહેતા, વાઈસ ચેરમેનશ્રી વિપુલભાઈ સેવક, શાસનાધિકારીશ્રી ડૉ. એલ. ડી. દેસાઈ, સ્કૂલ બોર્ડ સભ્યશ્રીઓ, અધિકારીઓ, શિક્ષકો, વાલીઓ મોટા પ્રમાણમાં હાજર રહ્યા હતા.

● **સ્કૂલ બોર્ડના બજેટમાં વિદ્યાર્થીઓના ડેવલપમેન્ટ અને એકેડેમિક સ્ટ્રેન્થ ઉપર સૌથી વધુ ભાર મુકાશે.**





નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદની ખાસ બોલાવાયેલી બેઠકમાં ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું જેમાં બજેટની મહત્તમ રકમ વિદ્યાર્થી વિકાસ અને શૈક્ષણિક પ્રવૃત્તિ પાછળ ખર્ચાશે. સ્કૂલબોર્ડ દ્વારા શિક્ષણ ગુણવત્તા વધારવા તેમજ અનુપમ સ્કૂલ, અંગ્રેજી માધ્યમની સ્કૂલ, સ્માર્ટ સ્કૂલ વગેરેનાં શૈક્ષણિક બાબતોને ઉત્કૃષ્ટ કરવામાં આવશે. સ્કૂલ બોર્ડની શાળાઓમાં ભણતાં ગરીબ અને સામાન્ય વર્ગના બાળકોને ભવિષ્યમાં ઉજ્જવળ તકો પ્રાપ્ત થાય તેવા હેતુથી એકેડેમિક સ્ટ્રેન્થ વધારવા અને સ્કીલ ડેવલપમેન્ટ ઉપર ખાસ ભાર સાથે સ્કૂલબોર્ડ દ્વારા સને ૨૦૨૩-૨૪નાં વર્ષ માટે ૧૦૬૭ કરોડનું ડ્રાફ્ટ બજેટ શિક્ષણ સમિતિ સમક્ષ રજૂ કર્યું હતું.

● **જીવનને 'હા' અને વ્યસનને 'ના' વિષય પર આર્ટ મેરેથોનનું આયોજન**
**સ્કાઉટ ગાઈડ એડવેન્ચર એક્ટિવિટીનો ઉદ્ઘાટન સમારોહ**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ, પ્રોજેક્ટ IRADA અને હાઈ ઓન લાઈફ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ડ્રગ્સ જેવા કેફી પદાર્થોના વ્યસન મુક્તિ માટેની જાગૃતિના ભાગરૂપે જીવનને 'હા' અને વ્યસનને 'ના' વિષય પર આર્ટ મેરેથોનનું આયોજન, તેમજ સ્કાઉટ ગાઈડ એડવેન્ચર એક્ટિવિટીનો ઉદ્ઘાટન સમારોહ સ્કાઉટ ભવન પાલડી ખાતે ૧૮. ૩. ૨૦૨૩ને શનિવારે યોજાયો.

આજની યુવા પેઢી કોઈ ગેરમાર્ગે ન દોરાય તેમજ ડ્રગ્સ જેવા કેફી પદાર્થ ની લતે ન લાગે તેમજ ડિપ્રેશનમાં આવી ન જાય તે હેતુથી સમાજ કલ્યાણના કાર્યમાં સ્કૂલ બોર્ડ મહત્વનું યોગદાન આપ્યું.

વિદ્યાર્થીઓ દ્વારા જ્યારે આખા સમાજને વ્યસન મુક્તિ માટેનો સંદેશો મળી રહ્યો છે તે શિક્ષણ જગત દ્વારા સમાજ જાગરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. સ્પર્ધામાં વિજેતા ૧૦ વિદ્યાર્થીઓને રોકડ ઇનામ તેમજ ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા.

આ સાથે સ્કાઉટ ભવન ખાતે સ્કાઉટ અને ગાઈડ નું સાહસ વધે તે માટે તેમજ વિદ્યાર્થીઓ વિવિધ એડવેન્ચર એક્ટિવિટી કરી શકે

તે માટેની એડવેન્ચર નગરીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

**● શહીદ દિન ઉજવણી :**



ભારતની આઝાદી માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર ક્રાંતિકારી વીર શહીદો ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવના બલિદાનની યાદમાં ૨૩મી માર્ચે વિદ્યાર્થીઓમાં દેશભાવના, ત્યાગ, બલિદાન, દેશપ્રેમ, વીરતા, સાહસિકતા, નીડરતા, શૌર્ય જેવા ગુણો વિકસે તે હેતુથી તમામ શાળાઓમાં વીર શહીદોના જીવન કથન પર ચર્ચા, વક્તૃત્વ સ્પર્ધા, દેશભક્તિ ગીત સ્પર્ધા, એકપાત્રીય અભિનય, નિબંધ સ્પર્ધા, વેશભૂષા જેવી સ્પર્ધાઓ શાળા કક્ષા તથા ઝોન કક્ષાએ યોજવામાં આવી હતી. ઝોન કક્ષાની સ્પર્ધા ૨૩/૩/૨૩ ના રોજ યોજવામાં આવી હતી. સહભાગી વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ઈનામો આપી તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો.

**● ઈનોવેશન ફેર ૨૦૨૨ - ૨૩**



નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ સંચાલિત થલતેજ અનુપમ પ્રાથમિક શાળા નં.૨ ના મદદનીશ શિક્ષકશ્રી ગૌરીબેન બબલભાઈ પટેલની નવતર પ્રયોગની કૃતિ રાજ્યકક્ષાના ઈનોવેશન ફેરમાં પસંદગી પામી. નવતર પ્રયોગની કૃતિમાં સ્વનિર્મિત ગાણિતિક સાધનોનો ઉપયોગ કરીને બાળકોને ગણિત વિષયમાં ગમ્મત સાથે જ્ઞાન મળે તે હેતુથી દરેક એકમ પ્રમાણે અને અધ્યયન નિષ્પત્તિ અનુસાર સ્વ નિર્મિત T.L.M બનાવ્યાં. આ ઉપરાંત એકમ મુજબ જોઈતી મૂર્ત વસ્તુઓના યુનિટ તૈયાર કર્યા. સ્ટોરી ટેલિંગની સંકલ્પના સિદ્ધ કરવા જંગલનું આબેહૂબ મોડલ રજૂ કર્યું. જુદા જુદા પ્રાણીઓના પપેટ તૈયાર કર્યા. ત્યારબાદ બાળકોના મૂલ્યાંકન માટે દરેક એકમને અંતે કસોટી તૈયાર કરી દરેક બાળકને આપવામાં આવી. આ નવતર પ્રયોગથી ગણિત વિષયમાં ધો.૧ અને ધો.૨ ના ૮૦% બાળકોએ ૮૦% અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરી ગુણવત્તાલક્ષી શિક્ષણ મેળવ્યું.

**● નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (NMMS) અને પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા (PSE) ૨૦૨૨-૨૩ :**

નબળી આર્થિક સ્થિતિ ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓ ધો.૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે અને માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ડ્રોપ આઉટ દર ઘટે તે હેતુથી ધો.૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે NMMS યોજના શિક્ષા મંત્રાલય ન્યુ દિલ્હી તરફથી મુકવામાં આવેલ છે. આ યોજનાનો મહતમ લાભ વિદ્યાર્થીઓને મળે અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપે તે માટે સ્કૂલ બોર્ડની દરેક શાળાઓએ SMC સભ્યો અને વાલીઓની મુલાકાતનું આયોજન કર્યું, શાળા સમય બાદ વિધાર્થીઓને વિશેષ શિક્ષણ કાર્ય કરાવવામાં આવતું. જૂનાં પ્રશ્નપત્રો સૉલ્વ કરાવવામાં આવતાં. સ્કૂલ બોર્ડ અમદાવાદના ૬૪૮૩ જેટલા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ, તે પૈકી ૩૭૨ વિદ્યાર્થીઓ મેરીટમાં આવ્યા અને તેમાં ૨૬૯૯ વિદ્યાર્થીઓએ ક્વોલીફાઈડ ગુણ પ્રાપ્ત કરેલ છે.

પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા(PSE) માં ધો.૬ ના ૬૧૮૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જે પૈકી ૭૨ વિદ્યાર્થીઓ મેરીટમાં આવેલ છે અને ૩૧૪૬ વિદ્યાર્થીઓએ ક્વોલીફાઈડ ગુણ પ્રાપ્ત કરેલ છે. ગુજરાતના તમામ જિલ્લાની સરખામણીમાં સ્કૂલબોર્ડ, અમદાવાદમાં ટકાવારી મોખરે છે.

**● સ્કૂલ બોર્ડના વિદ્યાર્થીની સૈનિક શાળામાં પસંદગી :**

સ્કૂલ બોર્ડ સંચાલિત વેજલપુર પબ્લિક સ્કૂલના ધો.૫ ના વિદ્યાર્થી તર્ણવ જે. પટેલ AISSEE (ઓલ ઈન્ડયા સૈનિક સ્કૂલ એન્ટ્રન્સ એક્ઝામ ૨૦૨૩ મેરીટમાં આવ્યો, તેમજ મેડિક્લ ટેસ્ટમાં પાસ થઈને સૈનિક શાળા જામનગર બાલાછડી ખાતે પ્રવેશ મેળવેલ છે.

**● સ્કૂલ બોર્ડના પદાધિકારીઓએ લીધી NEP ૨૦૨૦ તાલીમ :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦નો અમલ થતાં જ શિક્ષણથી જોડાયેલ તમામ સમુદાય શિક્ષણ પ્રત્યે અગ્રેસર બન્યો છે આ હેતુથી ગુજરાત રાજ્યના સૌજન્યથી સેન્ટર ઓફ ટ્રેનીંગ, IITE દ્વારા રાજ્યની જિલ્લા શિક્ષણ સમિતિઓ અને નગર શિક્ષણ સમિતિઓના હોદેદારો અને સભ્યો માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અન્વયે તાલીમનું આયોજન કરવામાં આવ્યું. આ તાલીમમાં સ્કૂલ બોર્ડ ચેરમેનશ્રી ડૉ. સુજયભાઈ મહેતા, વાઈસ ચેરમેનશ્રી વિપુલભાઈ સેવક તેમજ સ્કૂલબોર્ડના તમામ સભ્યો હાજર રહીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલ અને આયોજનમાં પૂરેપુરો સહકાર આપવા તત્પરતા દર્શાવી.

## ● દ્રોણા એજ્યુકેશન એવોર્ડ




દ્રોણા એજ્યુકેશન એવોર્ડ અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત થલતેજ પ્રાથમિક શાળા નં-૨ ના આચાર્યશ્રી ચિરાગકુમાર પ્રવિણકુમાર જોષીની પસંદગી થઈ અને માનનીય શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોરના વરદ હસ્તે એવોર્ડ એનાયત થયો. અમદાવાદ મહાનગરપાલિકાની અગ્રેસર ખાનગી સંસ્થાની વચ્ચે એકમાત્ર સરકારી સંસ્થાની પસંદગી એ આપણા મ્યુનિ. સ્કૂલ બોર્ડ માટે ગૌરવ ની ક્ષણ રહી.

## ● સમર કેમ્પ



ઉનાળુ વેકેશન દરમ્યાન બાળકોમાં સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય, ગમ્મત સાથે જ્ઞાન મેળવે, પર્યાવરણ પ્રત્યે લાગણી અને જાગૃત્તિ કેળવે તથા નાના ધોરણથી જ સ્પર્ધાત્મક પરીક્ષા વિશેની સમજ મેળવે તે હેતુ સિદ્ધ કરવા માટે સ્કૂલબોર્ડની કેટલીક પ્રાથમિક શાળાઓમાં વેકેશન દરમિયાન સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.

આ કેમ્પ દરમિયાન શાળાના શિક્ષકો દ્વારા બાળકોને ક્રાફ્ટ વર્ક, પોટ પેઇન્ટિંગ, વેસ્ટમાંથી બેસ્ટ, ક્વીલીંગ આર્ટ, સ્પર્ધાત્મક પરીક્ષા અંગે માર્ગદર્શન, જીવન કૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓ, વિસરાતી જતી રમતો વગેરે વિશે શીખવવામાં અને માર્ગદર્શન આપવામાં આવ્યું.

આમ, સમર કેમ્પ દરમિયાન બાળકોને નવું-નવું શીખવાની ખૂબ જ મજા આવી અને ભરપૂર આનંદ કર્યો.

## ● પ્રિતમપુરા શાળામાં ફ્યુચુરીસ્ટીક સાયન્સ લેબોરેટરી :



સ્કૂલ બોર્ડ સંચાલિત મધ્ય ઝોનમાં સમાવિષ્ટ પ્રિતમપુરા ગુજરાતી શાળા નંબર ૧ માં ગરીબ અને મધ્યમ વર્ગનાં બાળકોને પૂરતા પ્રમાણમાં પ્રાયોગિક તકો પ્રાપ્ત થાય તે હેતુથી Wings to fly The foundation અને Nu vu conair pvt. Ltd અને સ્કૂલ બોર્ડના સહયોગથી 3D printer, ડ્રોન, ટેલિસ્કોપ જેવી સુવિધાઓથી સજ્જ ફ્યુચુરીસ્ટીક સાયન્સ લેબોરેટરી (futuristic science laboratory) નું નિર્માણ કરવામાં આવ્યું.

## ● કોમન પરીક્ષા (CET):

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ના નવા શૈક્ષણિક સત્રથી જ્ઞાન શક્તિ રેસીડેન્સયલ સ્કૂલ, રક્ષાશક્તિ સ્કૂલ, મોડેલ સ્કૂલ શરૂ થનાર છે. ગુજરાત રાજ્ય સરકાર અને સામાજિક ભાગીદારીથી શરૂ થનાર આ શાળાઓમાં આધુનિક સુવિધાઓ, માળખાકીય સુવિધાઓ, રમત-ગમત, કલા કૌશલ્યથી બાળકોનું ભાવિ ખૂબ જ ઉજ્જવળ અને તેજસ્વી બને તે માટે સ્કૂલ બોર્ડ, અમદાવાદ દ્વારા મહત્તમ પ્રયાસો કરવામાં આવ્યા. પરીક્ષાની તૈયારી માટે રોજના એક કલાક વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું. સાથે સાથે પ્રિ-ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું. ધો.૫ ના ૧૬૪૩૯ વિદ્યાર્થીઓ અને ધો.૬ ના ૩૯૨૩ વિદ્યાર્થીઓએ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ આપી હતી, જેમાં ૧૦૦૭ વિદ્યાર્થીઓ પ્રથમ મેરીટ યાદીમાં સમાવિષ્ટ થયા.

## ● ગ્રીષ્મોત્સવ-૨૦૨૩ માં સ્કૂલ બોર્ડના વિદ્યાર્થીઓ અગ્રેસર :


સમગ્ર રાજ્યમાં પ્રસારિત થનાર GIET આયોજિત ગ્રીષ્મોત્સવમાં વેકેશન દરમિયાન નારણપુરા શાળાના વિદ્યાર્થીઓ અને મુખ્ય શિક્ષક બાયસેગ, ગાંધીનગર ખાતે વીડિઓ રેકોર્ડીંગમાં હાજર રહ્યા અને રમતગમતના એપિસોડમાં ભાગ લીધો.

## ● અમદાવાદ મ્યુનિ.સ્કૂલ બોર્ડના ચાર વિદ્યાર્થી ટોપર બન્યા

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ઉત્તર-પશ્ચિમ ઝોનની ભાડજ પ્રાથમિક શાળાના ચાર વિદ્યાર્થીઓ પોસ્ટ વિભાગની શિષ્યવૃતિની પરીક્ષામાં ટોપર્સ બન્યા. ભારત સરકારના પોસ્ટ વિભાગ દ્વારા આયોજિત રાજયકક્ષાની પંડિત દીનદયાળ સ્પર્શ યોજના અંતર્ગત અપાતી શિષ્યવૃતિમાં મેરીટમાં આવનાર બાળકને ૬૦૦૦/- રૂપિયા મળે છે. ગુજરાત સર્કલમાથી ભાડજ પ્રાથમિક શાળાના ૧૬ બાળકો આ શિષ્યવૃતિની પરીક્ષામાં બેઠા હતા. તે પૈકી ૪ બાળકો આ શિષ્યવૃતિની પરીક્ષામાં ટોપેર્સ બન્યા હતા અને તેમને ઇનામી રાશિ પેટે ૬૦૦૦/- રૂપિયા મળ્યા છે.



ઠાકોર અજય રામજીભાઈ
ધોરણ-૬



સંગાડા મેઘા ઉર્વીશભાઈ
ધોરણ-૭



રાવળ કિંજલ દિનેશભાઈ
ધોરણ-૬



પાધ્યા યશ અલ્પેશભાઈ
ધોરણ-૭

## ● ગ્રીન – ક્લિન અમદાવાદ અંતર્ગત ચિત્ર, વક્તૃત્વ સ્પર્ધા :



અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ દ્વારા ગ્રીન – ક્લિન અમદાવાદ અંતર્ગત ચિત્ર, વક્તૃત્વ સ્પર્ધા અને ૨૦મા કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવની આયોજન બેઠક આજ રોજ ટાગોર હોલ પાલડી ખાતે યોજવામાં આવી. તેના ભાગરૂપે સ્કૂલ બોર્ડની ૪૫૦ જેટલી શાળાઓના વિદ્યાર્થીઓ ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાના આયોજન દ્વારા "મારું શહેર, સ્વચ્છ શહેર", "મારું શહેર, સુંદર શહેર" અને "મારું શહેર, રળિયામણું શહેર" જેવા વિષયો ઉપર વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા વ્યક્ત કરી, જેમાંથી દરેક ઝોનના પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની શહેર કક્ષાની સ્પર્ધા માનનીય મેયર સાહેબના અધ્યક્ષ સ્થાને સંપન્ન કરવામાં આવી. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને રોકડ ઈનામ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## ● સિગ્નલ સ્કૂલનો અનોખો પ્રવેશોત્સવ :



ગુજરાત સરકાર પ્રેરિત ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, મ્યુનિ. કોર્પોરેશન અને સ્કૂલ બોર્ડ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે શહેરના ચાર રસ્તાઓ પર ભિક્ષા માંગતા બાળકોનો સિગ્નલ સ્કૂલમાં ગુજરાત રાજ્ય હાઈકોર્ટના કાર્યકારી ન્યાયાધીશ માનનીય એ.જે.દેસાઈ, મેયરશ્રી કીરીટભાઈ પરમાર તથા મ્યુનિ. કમિશ્નરશ્રી થેન્નારસન ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવ ટાગોર હોલ, પાલડી ખાતે યોજાયો.

રાજ્યભરમાં જ્યારે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ "ઊજવણી - ઉજ્જ્વળ ભવિષ્યની" ચાલી રહી છે, ત્યાં શિક્ષણથી એક પણ બાળક વંચિત ન રહે તે માટે રસ્તા પર ભિક્ષા વૃતિ કરતા બાળકો માટેના પ્રોજેક્ટ "સિગ્નલ સ્કૂલ" ના બીજા વર્ષના ત્રીજા ફેઝમાં સૌથી વધુ ૧૫૧ બાળકોનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ સંપન્ન થયો.

તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩ માં કંડારેલી કેડીને આગળ ધપાવતાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ દ્વારા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૩ "ઉજવણી – ઉજ્જ્વળ ભવિષ્યની" યોજવામાં આવેલ. કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના પરિણામે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં શિક્ષણ પ્રત્યેની સભાનતા અને સજાગતાનું પ્રમાણ વધ્યું છે. આ કાર્યક્રમ થકી દીકરીઓને શિક્ષણ આપવા તરફ પણ સમાજના સારા પ્રતિભાવ જોવા મળી રહ્યા છે, જે માનનીય વડાપ્રધાનશ્રીના 'બેટી બચાવો, બેટી પઢાઓ' ના આહ્વાનના પોષક પરિબળ સ્વરૂપે સાકાર થતું જણાય છે. કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દ્વારા સરકારશ્રીનો એક મુખ્ય ઉદ્દેશ ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવાનો પણ હતો જેના પરિણામ સ્વરૂપે ડ્રોપઆઉટ રેશિયા ઘટીને ૦% સુધી લાવવામાં સફળતા મળી છે.

સિગ્નલ સ્કૂલના શાળા પ્રવેશોત્સવની સાથે સાથે તા.૧૨ અને ૧૩ જૂન - ૨૦૨૩ના રોજ મ્યુનિ. સ્કૂલ બોર્ડની ૪૪૯ શાળાઓમાં ખૂબ જ મોટી સંખ્યામાં એટલે કે નોંધપાત્ર કહી શકાય એટલા બાળકોએ બાલવાટિકા અને ધો.૧માં ૯૩૮૧ કુમાર અને ૯૪૨૬ કન્યા એમ મળી કુલ ૧૮૮૦૭ એ પ્રવેશ મેળવ્યો. જેમાં કુમાર કરતાં કન્યાઓનો પ્રવેશ વધારે જોવા મળ્યો કે જે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવને સાચા અર્થમાં ચરિતાર્થ કરે છે. ટીમ સ્કૂલ બોર્ડ દ્વારા આ વર્ષે ૩૧૦૦૦ નો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે અને તેને સિદ્ધ કરવા માટે આગામી સમયમાં પૂરતા પ્રયાસો કરવામાં આવશે. બે દિવસમાં દાતાઓ દ્વારા ૭૦ લાખ જેટલી માતબર રકમનું દાન રોકડ અને વસ્તુ સ્વરૂપે આપવામાં આવ્યું. આમ અમદાવાદ મ્યુનિ.ની શાળાઓમાં માન.સંસદસભ્યશ્રીઓ, માન.ધારાસભ્યશ્રીઓ, માન.મ્યુનિ.કમિશનરશ્રી, વિવિધ પેટા કમિટીના માન.ચેરમેનશ્રીઓ, સ્કૂલ બોર્ડના માન.ચેરમેનશ્રી, માન.ડે.મ્યુનિ.કમિશનરશ્રીઓ, મ્યુનિ. કોર્પોરેશનના વિવિધ માન.પદાધિકારીશ્રીઓ, સ્કૂલ બોર્ડ માન.સભ્યશ્રીઓ, માન.કાઉન્સીલરશ્રીઓ વગેરે ઉપસ્થિત રહી કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ સફળ બનાવ્યો.

અત્રે ઉલ્લેખનીય છે કે ધો.૧ ધરાવતી ઘણી શાળાઓમાં પ્રવેશ માટે પડાપડી થઈ રહી છે. નોંધપાત્ર ખાનગી શાળાઓ છોડી મ્યુનિ. શાળાઓમાં બાળકો દાખલ થઈ રહ્યા છે જે બદલાયેલી શિક્ષણ વ્યવસ્થાને કારણે શક્ય બન્યુ છે.

### વાચકો,લેખકો અને ચાહકો જોગ

**મારે પણ કંઈક કહેવું છે** - શિક્ષણને પોષક, શિક્ષકને પ્રોત્સાહક અને બાળક માટે પ્રેરણાદાયી લેખ અરૂણોદય સામયિકમાં પ્રગટ કરવા માટે આવકારવામાં આવશે . જે શિક્ષકની રચના કે ક્રિયાત્મક કામગીરી પસંદ થશે તેના ફોટા સાથે પ્રસિધ્ધ કરવામાં આવશે.

**પ્રવૃત્તિનું પાંજરૂ** - આપની શાળા કે શિક્ષક દ્વારા શિક્ષણ અને બાળઘડતરને ઉપકારક પ્રયાસ કે ઈનોવેટીવ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલ હોય તો તેની ટૂંકી વિગત અને ફોટા સાથેનો અહેવાલ આ સામાયિકમાં પ્રગટ કરવા માટે Email ઉપર આવકારવામાં આવશે.

**નોંધઃ**- રચના/લેખ મૌલિક, ટૂંકમાં, શુદ્ધ જોડણી સાથે શ્રુતિ ફોન્ટમાં ટાઈપ કરેલા હોવા જોઈએ. જગ્યાની અનુકૂળતા અને લેખની ઉપયોગિતાના આધારે પસંદગી કરવામાં આવશે.

**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ,**
નૂતન તાલીમ વિભાગ, એલિસબ્રિજ શાળા નં. ૨, પાલડી, અમદાવાદ
Email Id : amcsbntv@gmail.com